૩૮૫૯

विवेक बुद्धि वाणीओ.

રમુજી અને ઉપદેશ લેવા લાયક ન્હાની

સરખી વાર્તા.

લખીને પ્રગટ કરનાર

દેશમાં સસ્તુ વાંચન ફેલાવવાનો

શોખ ધરાવનારી મંડળી.

અંક ૧ લો.

કિમ્મત માત્ર પોણો આનોજ!

☞ મંગાવનારે દુર્લભદાસ વિ. શ્યામજી કુંવને અ-થવા મુળશંકર મંગળજીને જામનગર લખવું. સામટી રીતે ખરીદ કરનારને સસ્તે ભાવે મળી શકશે.

અમદાવાદ

ધીટાંટે યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં છાપી.

વિવેકબુદ્ધિ વાણિયો.

પૂર્વે જ્યારે દિલ્હીમાં પાદશાહી રાજ્ય હતું, અને પાદશાહ જહાંદારશાહ નામે હતો, તેને એક ઝૈના નામની બેગમ હતી. ઝૈના બહુ રૂપવંતી હોવાથી પાદશાહને પ્યારી હતી. એક દિવસ બેગમ ઝૈના નાહિધોઇને પોતાના બાલ એક ખાનગી અગાશીમાં ઉભી રહીને સુકવતી હતી; એવામાં એક કાગડાએ તેના સાફ કરેલા બાલ ઉપર ચરક નાંખી. પોતાના ધણી મહેનતે સાફ કરેલા બાલ ખરાબ થએલા જોઇને બેગમ ઝૈનાને અંગેઅંગ ક્રોધાગ્નિ વ્યાપી રહ્યો, અને તેણીએ પોતાના દિલ સાથે કરાર કર્યો કે જો હું પાદશાહને કહીને આપણા શેહેરમાંથી તમામ પંખીઓને મરાવી નાંખું તોજ ખરી. બાલપર પડેલી ચરક કાઢી નાંખી એકદમ બેગમ ઝૈના, એ પ્રમાણે હઠ લઇને તથા પોતાની ભમરો ચઢાવીને એક ખાનગી ઠેકાણે જઇને ભરાઇ બેઠી. હવે થોડીવાર પછી જ્યારે જહાંદારશાહ પાદશાહ આવીને જુએ છે તો ધારેલે ઠેકાણે તેણે બેગમ ઝૈનાને જોઇ નહીં. કોઈ દિવસ બેગમ ઝૈના આવે વખતે એ ઠેકાણે નહીં હોવાનું બનેલું નહીં હોવાથી પાદશાહને નવાઈ ભરેલું લાગ્યું. પાદશાહ એકદમ આકુળ વ્યાકુળ થઇને બાંદીઓને પૂછવા લાગ્યો કે "મારી પ્યારી બેગમ ઝૈના કહાં

છે? સૌ કોઈએ હાથ જોડી નરમાશથી જવાબ આપ્યો કે અમે બિલકુલ જાણુતા નથી. પાદશાહ આ જવાબ સાંભળી અચરતીની સાથે ગુસ્સે થઈને કહેવા લાગ્યો કે મેં તમોને આંહિ શામાટે રાખેલીઓ છે? શું તમે એટલી તપાસ રાખવાને અશક્તિ ધરાવોછો? જો એમજ હોય તો તમો મારા જનાંનખાનામાંથી જલદીથી નીકળી જાઓ! બાંદીઓ ભયભીત થઇને આરતેથી પાદશાહનો હદ વગરનો ગુસ્સો જોઈને ત્યાંથી ખસી ગઈઓ. પાદશાહ જનાનખાનાના દરેક ભાગમાં ફરીવળ્યો, પણ તેણે પોતાની બેગમને કયાંય જોઇ નહીં. છેવટે થાકીને તે નીચેના ભાગમાં આવવા લાગ્યો, જ્યાં એક ન્હાના ખંડમાં તેણીને ભરાઈ બેઠેલી જોઈ. પોતાની પ્યારી બેગમને ગુસ્સામાં જોઇને પાદશાહ નરમ પડયો અને તેણીને નરમાશથીજ કહેવા લાગ્યો! એ દિલદાર પ્યારી! તું મારી જાનછો! તારા દિલમાં થએલા હરકોઈ તરેહના દુઃખને ફિટાડવાનો મારી પાસે ખુલ્લો રસ્તો છે; એમ છતાં તું આજે મારાથી રીસાઇને ગુસ્સામાં આ એક અણગમતે ઠેકાણે બેશી રહી છે તેનું કારણ શું છે? બેગમ ઝેના પાદશાહનો સચોટ પ્યાર જોઈ નરમ ગરમ રહીને બનેલી હકીકત કહેવા લાગી. પાદશાહ પૂરી હકિકત નહીં સાંભળતાં બેગમનો હેતું જાણીલઇને એકદમ વચ્ચેજ બોલી ઉઠયો:—

પ્યારી! વધારે બોલવાની જરૂર નથી; હું તારૂં કહેવું સ-

મજી ગયો છું. જો તારી મરજી હોય તો કાલે સવારમાંજ પંખીઓને મારવાનો હું હુકમ કરૂં! આપણા શેહેરમાં એકે પંખી રહે નહીં એવો બંદોબસ્ત કરવાને હું શક્તિ ધરાવું છું; માટે તું ગુસ્સાને છોડી દઇ ખુશાલીમાં રહે. બેગમ ઝેના, પાદશાહના મ્હોડાથી આ વાત સાંભળીને ખુશી થઈ અને પાદશાહનું વચન લઈ જનાનખાનામાં ચાલી ગઈ. હવે જ્યારે રાત વીતી ને સવાર થયું ત્યારે પાદશાહે બેગમ ઝેનાની સામે જે કરાર કર્યો હતો તે કરારનો અમલ કર્યો. દરેક મુસલમીને પાદશાહના હુકમને માન આપ્યું અને શેહેરમાંના પંખીઓનો નાશ કરવા માંડયો.

હિંદુલોકોને આ બનાવ દુ:ખદાયક લાગે એમાં કશી નવાઇ નથી. દિલ્હીમાં વસનારા હિંદુઓનું દિલ તો બહુજ દુખાયું! કેટલાક ધર્મચુસ્ત હિંદુઓથી આ જુલમ આંખે કરીને જોઈ શકાયો નહીં એથી કરીને તેઓતો પરગામ ચાલ્યા ગયા. કેટલાકથી ઘર વખરી સહિત જવાનું બની શક્યું નહીં, એટલે તેઓ નિરાશ થઈ ઘરમાંજ બેશી રહ્યા! એ પ્રમાણે દિલ્હીમાં ત્રાસ ફેલાયો; પણ પાદશાહેનો આ દુષ્ટ કર્મનો અટકાવ કર્યોજ નહીં. આબરૂદાર વેપારીઓ અને વેહેવારીક શાહુકારો પણ હમેશનું આ દુ:ખ જોઇને બહુ અકળાવા લાગ્યા. આખા દિલ્હી શેહેરમાં દાના ઘણા પણ એક વિવેકબુદ્ધિ નામના વાણીઆ વિના હિમ્મતવાન કોઈ નહીં. દિલ્હીમાં આવો જુલમ ગુજરતો જોઇ વિવેકબુદ્ધિ નામના એક સાધારણ પંક્તિના વાણીઆએ કમર કશી

વવેકબુદ્ધિએ પોતાની સાથે કચેરીમાં આવવા માટે દરેક હિંદુ ગૃહસ્થની સહી લેવા માંડી અને ધારેલે દિવસે પોતે આગળ થઇ હજારો માણસોને સાથે લઈ પાદશાહી તખ્ત તરફ પગલાં ભર્યાં. રસ્તામાં વિવેકબુદ્ધિએ, તમામ માણસોને કહ્યું કે, તમો સર્વ કોઈ નહીં બ્હીતાં એકદમ કચેરીમાં દાખલ થજો અને હું એક યુક્તિ કરીને પાછળથી આવીશ. સૌ કોઇને ખાતરી હતી એટલે સાથે આવેલા તમામ હિંદુઓ એક મત થયા અને પાદશાહને જાણ કર્યા વિના સેંકડો હિંદુઓ એકદમ વગર બ્હીતે કચેરીમાં દાખલ થઈ ગયા. હજારો માણસોની આગળ પાંચ સાત પેહેરેગીરોનું કાંઈપણ ચાલ્યું નહીં. ચકચકિત તખ્તપર બિરાજેલો પાદશાહ આવો અનાયક બનાવ જોઇને નવાઈ પામવાની સાથે બ્હીવા લાગ્યો. હજુરમાં રહેનારા 'હાંજીહાં' તેમજ હાજર જવાબીઓ પણ ગભરાટમાં પડ્યા! ગુલીવરખાં નામનો એક સુબો, કાંઇક હિમ્મતવાન અને અક્કલવાળો હોવાથી હિંદુમાંના કેટલાક આબરૂદાર શાહુકારોને માન મર્તબાથી આવવાનું કારણ પુછવા લાગ્યો. સૌએ એક સરખો જવાબ આપ્યો કે અમારે જે ફરિયાદ કરવાની છે તે અમારી પાછળ રહેલો અમારો આગેવાન હમણાં આંહિ આવીને કરશે. આમ પરસ્પર વાતચીત જ્યાં ચાલે છે ત્યાંતો વિવેકબુદ્ધિ એકદમ આવી પહોંચ્યો. પાદશાહે ચિન્હ ઉપરથીજ એ ફરિયાદી છે એમ ઓળખ્યો અને મોડું આવવાનું કારણ પુછ્યું.—

વિવેકબુદ્ધિ, હાજર જવાબમાં હૂંશિયાર હતો એટલે શરૂવાતમાંજ લાગ આવેલો જોઇ બોલ્યો:—

જહાં પનાહ! રસ્તામાંજ હમણાં મારે એક ચુકાદો કરવો પડયો એટલે આપની હજૂરમાં હાજર થતાં મને જરા વખત થયો માટે આપ માફ કરશો. પાદશાહે કહ્યું કે, એવો કયો ચુકાદો તેં કર્યો. મારી સામે જાહેર કર. **વિવેકબુદ્ધિએ કહ્યું:—**

પાદશાહ સલામત! રસ્તામાં બે માણસો એક નજીવી તકરાર કરતા હતા. એકે કહ્યું કે, દુનિયામાં ઓરતો ઘણી છે બીજાએ કહ્યું કે મરદો ઘણા. મેં તો એકજ જવાબ આપ્યો કે દુનિયામાં ઓરતો ઘણી છે ને મરદો થોડા છે.

પાદશાહ વાણીઆનું આવું બોલવું સાંભળીને ખડખડ હસવા લાગ્યો અને ફરીથી પૂછવા લાગ્યો કે ખુદાએ ઓરત અને મરદ સરખાંજ પેદા કર્યા છે એમ છતાં આલમમાં ઓરતોની સંખ્યા કેમ વધી? વિવેકબુદ્ધિએ હિમ્મતથી કહ્યું કે, ખુદાવિંદ! તકસીર માફ કરો તો કહું. પાદશાહે વચન આપ્યું કે દેહેશત વગર કહે. વિવેકબુદ્ધિ પાદશાહનું વચન લઈ કહેવા લાગ્યો કે, જહાં પનાહ! **"જે મરદ, ઓરતના પ્યારમાં ફસી બે બાજુ તપાસ્યા વિના ઓરતનુંજ કહેવું માની રાજા કાંઈપણ અમલ કરે છે તે મરદ છતાં પણ ઓરતમાં ગણાય છે."**

ઉપર પ્રમાણે વિવેકબુદ્ધિના મ્હોડામાંથી પડેલા સોનેરી

શબ્દો સાંભળીને પાદશાહ તરતજ ઝંખવાણો પડી ગયો અને જરાપણ ક્રોધ કર્યા વિના વિચારવા લાગ્યો કે મેં પણ મારી બેગમનું કહ્યું માનીને પંખીઓને મારવાનો જે હુકમ કર્યો છે એ હુકમ દેખીતોજ ઘણો કંટાળો ઉપજાવે એવો અને દરેક દાના આદમીની લાગણીને દુખવનારો છે માટે તેનો જલદીથી અટકાવ થવો જોઈએ, એમ સુ વિચાર કરીને પાદશાહે "પંખીઓને મારવાં નહી" એવો હુકમ કર્યો; જેથી સૌ કોઈ હિંદુલોકો ખુશીની તારીઓ પાડી તથા વિવેકબુદ્ધિનાં વખાણ કરી પોતાને ઘેર ગયા. જહાંદાર પાદશાહ ઘણો સમજુ અને લાયકાત વાળો હતો એટલે તે પાદશાહે પેલા વિવેકબુદ્ધિને સારી નિમનોક કરીને સલાહકાર તરીકે પોતાની પાસે રાખ્યો.

સાર.

દુનિયામાં દરેક માણસે હરકોઇ કામ કરવામાં વિચારવાનું છે. જે માણસ પ્રેમપાશમાં પડી વિચાર કર્યા વિના ઓરતનું કે સ્નેહીનું કહેલું એકદમ ખરૂં માનીને સાહસ કરેછે તે માણસ પાછળથી પસ્તાય છે, માટે કોઈ કામને નજીવું નહિ માનતાં તેનાં પરિણામનો ખૂબ વિચાર કરીનેજ ધારેલા કામનો અમલ કરવો એ સારૂં છે.

સમાપ્ત.

જાહેર ખબર.

સ્વધર્માભિમાન.

આગગીરશમી સદીના લેભાગુ સુધારા,
અનાચાર અને નાસ્તિક વિચારોના ચિત્ર સાથે.

કિંમત રૂ. ૧.

સ્વધર્મ અને સ્વદેશ ભક્તિ સમજાવનારૂં આ પુસ્તક તેનાં સાત પ્રકરણોમાં—સ્વધર્મ—કર્મ ઉપર કુતર્ક કરનાર નાસ્તિક વિચારની નવી પ્રજાને વાસ્તે—આર્ય ધર્મનાં મુળતત્વો, ધર્મ ક્રિયાઓનાં યોગ્ય કારણો પુરાણોનું રહસ્ય, સ્વધર્મની કેળવણીના અભાવે ધર્મ ઉપર આવી પડેલી ધાડ, હાલની કેળવણી અને સંસાર સુધારાના ઉંધા દોરથી ઉત્પન્ન થયેલું શૂળ— ઇત્યાદિ ઉપયોગી વિષયો આપે છે. વિદ્વાનોના થોડાએક અભિપ્રાયોનો સાર:—**રાવ બ૦ ગોપાળજી સુ૦ દેશાઈ**—કાઠિ. ના આ૦ એ. ઈન્સ્પે. સાહેબ:—'તમારૂ પુસ્તક મેં ઘણા રસ સાથે વાંચ્યું. આ પ્રયત્નમાં તમે ફતેહ પામ્યા છો. ભાષા છટાદાર અને જુસ્સા ભરેલી છે." **કવિ દલપતરામ ડા.** સી. આઈ. ઈ:-"વાંચનારના મન-પર ઘણી સારી અસર કરે એવું લખાણ છે. આર્ય લોકોને પુ૦ ઘણું ઉપયોગી છે." **પ્રોફેસર મણીલાલ નભુભાઈ બી. એ.**:—"સ્વધર્મનુ અભિમાન રાખવા માટે તેમાં સારી છટાથી જોસભેર લખાણ કર્યું છે. ગ્રંથનો વિષય જેમ-

આવો ઉત્તમ તથા મનન કરવા યોગ્ય અને ગંભીર છે, તેમ તેની ભાષા પણ એકંદરે નિર્દોષ તથા છટાવાળી છે. સર્વ રીતે જોતાં લખનારને તેના પ્રયત્ન માટે ઘણું માન ઘટેછે." **રાજ્યભક્ત**:-"આ પુસ્તકના ૭ પ્રકરણોમાં જે વિવેચન કર્યું છે તે એટલું તો અગત્યનું તથા હાલના સુધારાપર કુદી ધર્મ-અર્થ-કામનું સત્યાનાશ વાળનારાની શુદ્ધિ ઠેકાણે લાવવારૂપ છે કે આથી અમે દરેક આર્યાભિમાનીને વાંચવા ભલામણ કરીએછીએ." પુસ્તક કર્તા પાસેથી, **મુંબઇમાં** પંડીત જેઠારામ મુકુંદજીની દુકાનેથી અને **અમદાવાદમાં** ગુ૦ વ૦ સોસાઇટી તથા આર્યોદય પ્રેસમાંથી તૈયાર મળશે.

જામનગર—કાઠિયાવાડ

જટાશંકર લીલાધર ત્રિવેદી.

આ. માસ્તર—હાઇસ્કુલ.

પવિત્ર મનની પ્રેમ કુંવર - એક શુદ્ધ પતિવ્રતાનારીની

નવાઇ ભરેલી ચતુરાઇનો ઉપદેશ લેવાલાયક ચિતાર જેમાં પ્રેમકુંવર નામની એક શાણી અબળાએ એક મોહાંધ જોગીની પાશમાંથી યુક્તિસર બચીને આપેલો પવિત્ર મનનો બોધ ભરેલો દાખલો. કિમ્મત એક આનો. સામટી લેનારને સસ્તે ભાવે મળશે.

જાહેર ખબર.

નીચે લખેલ પુસ્તકો મારી પાસેથી રોકડી કિમ્મતતે મળશે.

નવાનગર શેહેરની રચના—લોકપ્રિય ગાયનમાં. જેમાં જામનગરની ઈમારતોનું, ત્યાંના હુજરનું તથા મહારાજાના સદ્ગુણનું આબેહુબ વર્ણન કર્યું છે......કિમ્મત સવા આનો.

હિંદની હાલત—લોકપ્રિય ગાયન તથા છંદમાં દરેક દેશાભિમાનીએ જથ્થાબંધ ખરીદ કરીને મફત વ્હેંચવા લાયક..............................કિમ્મત સવા આનો.

વીજળી વિલાપ—સુમારે સાડાસાતસો પેસેંજર સહિત દરિઆમાં ગુમ થવાથી ફેલાએલી દિલગીરીનો આબેહુબ ચિતાર—મનપસંદ ગાયનમાં કરૂણારસથી ભરપૂર—જેની હજારો પ્રત ખપી ગયા છતાં વારંવાર માગણી થયા કરે છે. સામટી ખરીદ કરનારને સેંકડે વીશ ટકા કમીશન મળે છે. છુટક નકલનો સવા આનો.

અનાર્ય સ્ત્રી અથવા કુલટાનારી—જેનો ખરો ચિતાર એવો તો સરસ આપવામાં આવ્યો છે કે વાંચનારને નવાઈ ઉપજ્યા વિના રહેતી નથી. એમાં કુલટા નારીનાં તમામ લક્ષણો વર્ણવ્યાં છે. આ પુસ્તક પણ છંદ તથા ગાયનમાં છે. કિમ્મત સવા આનો.

પ્રસ્તાવિક બોધ—એ નામનું ઉપદેશક અને અસરકારક હિંદુસ્તાની ભાષાના કુંડલિયાનું વાતચીતમાં દાખલા આપવારૂપે પંકાતું એક ન્હાનું પુસ્તક છે. કિમ્મત સવા આનો.